### દેશમાં મેડિકલની ૨૫૦૦થી વધારે બેઠક ખાલી

# પ્રવેશ માટે પર્સન્ટાઈલમાં ઘટાડો કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૯

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં પ્રવેશની પ્રક્રિયા દરેક રાજ્યોમાં પૂર્ણ થઈ છે. ગુજરાતમાં મોપઅપ એટલે કે ઓફલાઈન રાઉન્ડ પણ પૂરો કરી દેવાયો છે. ખાલી પડેલી બેઠક ભરવાની સત્તા કોલેજોને સોંપી દેવામાં આવી છે. આ સ્થિતિમાં તા.૭મીએ ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ હેલ્થ દ્વારા પી.જી. મેડિકલમાં પ્રવેશ માટેના નીટના પર્સન્ટાઈલમાં ધરખમ ઘટાડો કરવાની જાહેરાત કરી દીધી છે. સમગ્ર દેશમાં અંદાજે ૨૫૦૦થી વધારે મેડિકલની બેઠક ખાલી પડી છે. જેના કારણે પર્સન્ટાઈલમાં ઘટાડો કરાયો છે. હવે દરેક રાજ્યની પ્રવેશ સમિતિએ નવેસરથી ઘટાડેલા પર્સન્ટાઈલ પ્રમાણે કાર્યવાહી કરવી પડે તેવી સ્થિત ઊભી થઈ છે.

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે લેવાયેલી નીટના આધારે ઓલ ઈન્ડિયા કવોટાની બેઠક માટે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સ્ટેટ ક્વોટાની પ્રવેશ પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. ડેન્ટલની પ્રવેશ પ્રક્રિયા શરૂ થયા બાદ અચાનક પી.જી. ડેન્ટલમાં પ્રવેશ માટેના પર્સન્ટાઈલ ઘટાડી દેવામાં આવ્યા હતા. ડેન્ટલમાં અગાઉ ૫૦ પર્સન્ટાઈલ હતા તે ઘટાડીને જનરલ કેટેગરીના ઉમેદવારો માટે ૨૪ ટકા અને અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ માટે જે અગાઉ ૪૦ પર્સન્ટાઈલ હતા તે ઘટાડીને ૧૫ પર્સન્ટાઈલ કરી દેવામાં આવ્યા હતા. પ્રવેશ પ્રક્રિયા ચાલુ થઈ ચુકી હોવાથી પ્રવેશ સમિતિ દ્વારા ઘટાડેલા પર્સન્ટાઈલ પ્રમાણે નવેસરથી અરજીઓ આવે તેને ઓફલાઈન રાઉન્ડમાં બોલાવવાનું નક્કી કરાયુ હતું. આજે ડેન્ટલમાં ઓફલાઈન પ્રક્રિયા પણ પૂર્ણ થઈ ચુકી છે.

બીજી બાજુ ફરી એકવાર મિનિસ્ટ્રી ઓફ હેલ્થ દ્વારા પી.જી.મેડિકલમાં પ્રવેશ માટેના પર્સન્ટાઈલ ઘટાડવાની જાહેરાત કરવામાં આવી છે. નવી જાહેરાત પ્રમાણે હવે પી.જી.મેડિકલમાં જે બેઠક ખાલી પડી છે તેમાં ઓપન કેટેગરીના વિદ્યાર્થીઓને નીટમાં ૫૦ના બદલે ૪૪ પર્સન્ટાઈલ આવ્યા હોય તો પણ દરખાસ્ત કરી શકશે. અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ૩૪ પર્સન્ટાઈલ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓને ૩૯ પર્સન્ટાઈલ હોય તો પણ પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશ સમિતિએ તાજેતરમાં પી.જી.મેડિકલની ખાલી પડેલી ૧૯૨ બેઠક ભરવા માટે જે તે કોલેજોને પરત આપી દીધી હતી. હવે પ્રવેશ સમિતિ દ્વારા આ બેઠક પરત લઈ લેવામાં આવી છે. રાજ્યની તમામ મેડિકલ પ્રવેશ સમિતિએ હવે પી.જી.મેડિકલની ખાલી બેઠક માટે નવેસરથી ઘટાડેલા પર્સન્ટાઈલમાં આવતાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે બોલાવવા પડશે. પી. જી. મેડિકલમાં પર્સન્ટાઈલ ઘટાડ્યા બાદ હવે પ્રવેશ સમિતિએ ખાલી પડેલી ૧૯૨ બેઠક કે જે કોલેજ સંચાલકોને આપી દીધી હતી તે પરત લઈ લીધી છે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે આગામી તા.૧૫મીએ ઘટાડેલા પર્સન્ટાઈલમાં આવતાં વિદ્યાર્થીઓને બોલાવીને ખાલી પડેલી બેઠક ઓફર કરવામાં આવશે. આ જ દિવસે બપોર સુધી અરજીઓ લઈને અને બપોર પછી પ્રવેશ ફાળવવાની કાર્યવાહી કરી દેવામાં આવશે.

મેડિકલની જેમ ડેન્ટલમાં પણ પર્સન્ટાઈલ ઘટાડવાની જાહેરાત કરવામાં આવી હતી. ઘટાડેલા પર્સન્ટાઈલમાં જે વિદ્યાર્થીઓ આવતાં હતા તેમને પ્રવેશ સમિતિ દ્વારા ઓફલાઈન રાઉન્ડમાં બોલાવવામાં આવ્યા હતા. આજે પી.જી. ડેન્ટલની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. ઓફલાઈન રાઉન્ડ પૂર્ણ થયા બાદ પી.જી. ડેન્ટલની ૫૨ બેઠક ખાલી પડી છે. મોટાભાગની બેઠક સ્વનિર્ભર કોલેજોમાં ખાલી પડી છે.

## કેમેસ્ટ્રી વિષયના પરિણામે ધોરણ-૧૨ સાયન્સના પરિણામની સઘળી રોનક છિનવી લીધી

ગાંધીનગર, તા. ૯

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં ગુજરાત રાજયમાં રાજકોટ જિલ્લાએ મેદાન માર્યુ છે. ધો.૧૨ સાયન્સનું પરિણામ ૭૧.૯૦% આવ્યુ છે. પરંતુ કેમેસ્ટ્રી વિષયના પરિણામે ધો.૧૨ સાયન્સના પરિણામની રોનક છિનવી લીધી છે તો કેટલાક વિદ્યાર્થીઓનું પરિણામ કેમેસ્ટ્રી વિષયે ધોઈ નાખ્યુ હોવાનું ચિત્ર ઉપસ્યુ છે.

ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સમાં કુલ ૧૫ વિષયોની પરીક્ષા લેવામાં આવી હતી. ૧૫ વિષયોમાંથી સૌથી ઓછુ પરિણામ કેમેસ્ટ્રી વિષયનું આવ્યુ છે. શિક્ષણ બોર્ડે આજે જે બુકલેટ પ્રસારીત કરી છે તેમાં કેમેસ્ટ્રીનું પરિણામ ૭૨.૮૬% આવ્યુ છે. જે તમામ વિષયોમાં સૌથી ઓછું છે. કેમેસ્ટ્રીમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા હોવાનું જણાય આવે છે. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં કેમેસ્ટ્રી વિષયના પ્રશ્નપત્ર બાદ સમગ્ર ગુજરાત રાજયમાં ભારે વિરોધ વંટોળ ઉઠ્યો હતો. કેટલાક વિદ્યાર્થીઓના પરિણામની ટકાવારી રસાયણ શાસ્ત્રના પ્રશ્નપત્રએ બગાડી નાખી છે. ૮૦થી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને કેમેસ્ટ્રીમાં ગ્રેસીંગ મળ્યુ હોવાનું જાણવા મળે છે.

## જન્મદિને વધામણી



પ્રભુદાસ એસ રત્નોત્તર
મો. ૯૮૯૮૯ ૮૦૫૯૬



ડો. વલ્લરી વંકાણી
મો. ૯૪૨૬૩ ૯૬૦૨૨



શાન્વી ચિંતન ઠક્કર
મો. ૯૮૯૮૧ ૨૭૦૦૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# આજે રાજસ્થાનમાં ભજવાશે ગુજરાતનું નાટક : શાણે બંદર

## બહુભાષિય નાટ્ય મહોત્સવ અંતર્ગત ગાંધીજી પર કેન્દ્રીત આ નાટક ભજવાશે



ગાંધીનગર, તા. ૯

રાજસ્થાન સંગીત નાટક અકાદમી, જોધપુર અને પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક સંસ્થાન, ઉદયપુર દ્વારા સંયુક્ત રીતે તારીખ ૦૭ થી ૧૦ મે, ૨૦૧૯ દરમ્યાન એક બહુભાષિય નાટ્ય મહોત્સવનું આયોજન જોધપુર, રાજસ્થાન ખાતે ચાલી રહ્યું છે.

આ મહોત્સવમાં ખાસ પ્રસ્તુતિ માટે અન્ય રાજ્યોના કલાકારોની સાથે જ ગાંધીનગર અને ગુજરાતના કલાકારોને આમંત્રિત કરવામાં આવેલ છે જેઓ એક નવા જ અભિનવ સાથે, નવનિર્મિત હિન્દી નાટક 'શાણે બંદર'ની પ્રસ્તુતિ તારીખ ૧૦ મી મે, ૨૦૧૯ ના રોજ કરશે. જોધપુર, રાજસ્થાનના શ્રી જયનારાયણ વ્યાસ સ્મૃતિ ભવન ખાતે આ નાટ્ય પ્રસ્તુતિ કરવામાં આવશે.

મહાત્મા ગાંધીજી પર કેન્દ્રિત આ નાટકનું નિર્માણ અને મુખ્ય દિગ્દર્શન ગુજરાતના જાણીતા લેખક અને દિગ્દર્શક જીગર રાણા દ્વારા કરવામાં આવેલ છે. આ નાટકનો મૂળ ખ્યાલ અને લેખન જાણીતા લેખક, દિગ્દર્શક અને એક્ટર દિપક અંતાણીનો છે. આ નાટકની સ્ક્રીપ્ટને ગાંધીજીના પ્રપોત્ર તુષારભાઈ ગાંધીએ વાંચી છે અને વખાણી છે. તેમણે એવો પણ ભાવ પ્રદર્શિત કરેલ છે કે આ નાટકનું નિર્માણ થવું જ જોઈએ અને વધારે ને વધારે લોકો સુધી ગાંધી વિચારને સત્ય સાથે, યોગ્ય સ્વરૂપમાં અને તટસ્થ રીતે પહોચાડવાનો પુરુષાર્થ થવો જોઈએ.

જેની સિધ્ધી અને ક્ષમતા સમગ્ર વિશ્વ માને છે તેવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના વિચારોની આજે જરૂરિયાત, તેમના જીવન સાથે જોડાયેલા અમુક ખાસ પ્રસંગો માટેના વિવિધ ખ્યાલોમાં ગાંધીજીના પક્ષે રહેલ હકીકતો અને તેમનો વિચાર જેવા કેંદ્રવર્તી મુદ્દાઓ સાથે આ નાટકનું નિર્માણ થયું છે. એકદમ સરળ શૈલીમાં રજૂ થતાં આ નાટકમાં યુવા કલાકારો મયુર ભાટિયા, ઋતુરાજ રોય, યશ વૈષ્ણવ, ફરાઝ રાઉમાં, વિજય ગઢવી, સાગર ઠક્કર, ધવલ રાજવંશ, પાર્થ ત્રિવેદી, મીત જોશી, મનન નાયક, ધ્વનિ ઓઝા અને યુગ રાવલે અભિનય આપી રહ્યા છે.

નાટકનું સહ નિર્દેશન અને સંકલન નીરવ વેગડાએ કર્યું છે.




સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડનાં તમામ સ્ટેશનો પર ૦૮ મે, ૨૦૧૯નાં રોજ વિશ્વ થેલેસેમિયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીની શરૂઆત અધિકારીઓ અને તેમનાં પરિવારજનોને થેલેસેમિયા વિશેની જાણકારી આપીને કરવામાં આવી હતી તથા રોગનું નિદાન વહેલાસર કરવા માટે તેનું પરીક્ષણ કરીને શરૂઆત કરવામાં આવે છે એવી માહિતી આપવામાં આવી હતી.

# શાળાઓ દ્વારા આરટીઆઈ હેઠળ પ્રવેશ ન અપાયાની રાજ્યમાં રાવ

ગાંધીનગર, તા. ૯

રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ગરીબ બાળકો માટે ખાનગી શાળામાં પણ પ્રવેશની જોગવાઈ છે તેમ છતાં અમદાવાદના મણિનગર વિસ્તારમાં આવેલી ખાનગી શાળા ધી હેબ્રોન પ્રાઈમરી સ્કૂલે ગરીબ બાળકોને એડમિશન નહીં આપતા વાલીઓએ શાળામાં હોબાળો મચાવ્યો હતો. મણિનગર વિસ્તારમાં આવેલી હેબ્રોન પ્રાઈમરી સ્કૂલમાં ગરીબ બાળકોને શિક્ષણ વિભાગે એડમિશન આપ્યા હતા જ્યારે શાળાએ પોતાના બચાવ કરતા નોટિસ બોર્ડ લગાવી દીધું હતું અને વાલીઓને કહ્યું હતું કે આ શાળાને આરટીઈનો કાયદો લાગુ પડતો નથી.

રાજકોટ : રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી આર.એસ. ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, મિશનરી સ્કૂલોમાં એડમિશન આપવામા આવ્યાં નથી તેની રજૂઆતો છે. તેનો કેસ કોર્ટમાં ચાલે છે. કોર્ટના ચુકાદાની રાહ છે અને બીજો રાઉન્ડ બાકી છે. વાલીઓએ ચિંતા કરવાની જરૂર નથી. બીજા રાઉન્ડમાં એડમિશન આપી દેવામાં આવશે. રાજકોટની છ શાળા આવી છે. જેના ચુકાદો આવ્યે આગળની કાર્યવાહી શરૂ કરી દેશું.

સુરત : આરટીઈ મુજબ એડમિશન પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયો છે. જેમાં વિદ્યાર્થીઓને જે તે સ્કૂલે પ્રવેશ આપવામાં આવ્યો હતો. પરંતુ સ્કૂલોએ વિદ્યાર્થીઓને પ્રવેશ ન આપતાં વિદ્યાર્થીઓના વાલીઓ એડમિટ કાર્ડ લઈને સુરત જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે પહોંચ્યા હતા. સેન્ટ ઝેવિયર્સ, મદ્રેશા તૈયાબિયા ઈંગ્લિશ સ્કૂલ સહિત અનેક સ્કૂલ સામે વાલીઓએ ડીઈઓ કચેરી ખાતે હાય હાયના નારા લગાવ્યા હતાં. સ્કૂલ દ્વારા એડમિશનની ના પાડતા વાલીઓમાં ઉગ્ર રોષ વ્યાપી ગયોહ તો. સુરતામાં પણ સ્કૂલોએ વાલીઓને કોર્ટ મેટર ચાલે છે એડમિશન ના કરી શકીએ તેવો જવાબ આપી વાત વાળી દીધી હતી.

વડોદરા : રાજ્યના અન્ય શહેરોની માફક વડોદરામાં પણ બાળકોને આરટીઈ અંતર્ગત પ્રવેશ ન આપતા હોબાળો થયો હતો.

## ગાંધીજીનો વિનોદ

॥ ત્રેવીસમો મણકો ॥

**૬૦ - સ્વરાજ અને કાંતણ**

તે દિવસે કલાકો સુધી જવાહરલાલજીએ ગાંધીજી સાથે મંત્રણાઆકરી. પછી લૂઈ ફિશર ગાંધીજીની ઓરડીમાં પેઠા. ગાંધીજી ત્યારે રેંટિયો કાંતતા હતા. તેમને કાંતતા જોઈ ફિશર બોલ્યા, હું તો એમ ધારતો હતો કે હવે તમે કાંતવાનું છોડી દીધું હશે.

ગાંધીજી : ના, હું એ કેમ છોડી શકું? ૪૦ કરોડ હિંદીઓ છે, તેમાંથી બાળકો અને બીજાં મળી દશ કરોડ બાદ કરો. બાકીના ૩૦ કરોડ રોજ એક કલાક કાંતે તો અમને સ્વરાજ મળી જાય.

ફિશર : કાંતવાના આર્થિક કે આધ્યાત્મિક કારણને લીધે?

ગાંધીજી : બંને. હિટલરના હુકમથી નહીં પણ એક જ આદર્શથી પ્રેરાઈને ૩૦ કરોડ લોકો દિવસમાં એક વાર એક જ કૃત્ય કરે તો સ્વરાજ મેળવવા જેટલી એકતા અમને મળી જાય.

ફિશર : મારી સાથે વાત કરતી વેળા તમે કાંતવાનું થંભાવો છો તેટલું સ્વરાજ મોડું આવે છે.

ગાંધીજી : હા, હા, તમે સ્વરાજને છ વાર પાઠળ ઠેલ્યું.

આ સાંભળી ફિશર હસી પડ્યા.

ગાંધીયાત્રા

**૬૧ - મોટા મહાત્મા**

બા એકવાર માંદા હતાં. પણ ભારે કામના બોજામાં એક દિવસ ગાંધીજી તેમને મળવા જઈ શક્યા નહીં. બીજે દિવસે ગાંધીજી બાની પથારી પાસે જઈને ઊભા રહ્યા. બા મૂંગાં જ રહ્યાં.

ગાંધીજીએ બાને પૂછ્યું : કેમ, આજે કેમ છે?

ગાંધીજી મળવા ન આવ્યા તેનું બાને દુખ હતું તેથી તે રોષમાં બોલ્યાં, તમે તો મોટા માણસ છો. મહાત્મા કહેવાઓ છો. તમને આખી દુનિયાની ચિંતા હોય. ત્યાં વળી મારી ચિંતા શા માટે કરો છો?

બાનો રોષ અને કટાક્ષ ગાંધીજી સમજી ગયા. પછી સ્મિત કરીને બાના કપાળે પોતાનો પ્રેમાળ હાથ મૂકી બોલ્યા,

અરે વાહ! તમારે માટે પણ હું મોટો મહાત્મા કે?

બાપુના આ વિનોદથી બાનો રોષ ઓગળી ગયો અને તેમના મુખ પર સ્મિત ફરકી રહ્યું.

**૬૨ - વાસણ ઘસતા કર્યા**

બિહારમાં બાબુ રાજેન્દ્રપ્રસાદ ગાંધીજી સાથે જોડાયા પછી એક દિવસ ભોજન પછી આશ્રમના નિયમ મુજબ તેઓ વાસણ સાફ કરવા બેઠા હતા. ત્યાં ગાંધીજી પણ પોતાનાં વાસણો લઈને આવ્યા. રાજેન્દ્રબાબુને વાસણ માંજતા જોઈ તે હસીને બોલ્યા,

હાઈકોર્ટના મોટા વકીલને વાસણ ઘસતા કરી મૂક્યા તેનો યશ તો મને જ મળે છે ને?




'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# બે પેઢીનું સાહિત્ય સાથેનું સંવર્ધન

સંવેદના એક એવું તત્ત્વ છે જે કવિને કાવ્ય રચવા પ્રેરિતકરે છે. સંવેદન જેટલું તીવ્ર હશે એટલી જલદી તેની અસર વર્તાશે અને તેની અભિવ્યક્તિ એટલી જ શક્તિ અને ક્ષમતા સાથે વ્યક્ત થશે. માનવીય વ્યક્તિત્વ, માનવીય પ્રકૃતિ, માનવનો સંઘર્ષ અને જિજીવિષાને પરંપરાના પરિપ્રેક્ષ્યમાં સમકાલીન મૂલ્યાંકન દ્વારા જીવનના મહત્ત્વપૂર્ણ તથ્ય તરફ દોરી જાય છે તેવી ગીત-ગઝલરચનાઓના સંગ્રહની વાત કરવી છે.

'હથેળીમાં સાક્ષાત સરસ્વતી' જિગર જોષી 'પ્રેમ'નો તાજેતરમાં પ્રગટ થયેલો કાવ્યસંગ્રહ છે, જેમાં ૩૮ ગઝલ અને ૩૯ ગીતો લઈને કવિ આવે છે. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૭નો યુવા ગૌરવ પુરસ્કારથી સન્માનિત થનાર છે. સંગ્રહના પ્રારંભે જ કવિ સંજુવાળાની ખૂબ લાંબી લચક, પ્રસ્તાવના ભાષાની નિજી તપાસ અને ભાવ નિર્મિતિઓની ચીવટ શીર્ષકથી મળે છે. જેમાં કવિતા અગાઉના બે કાવ્યસંગ્રહો વિશે પણ વાત કરી છે. તેમજ કાવ્યોનાં ઉદાહરણો આપ્યાં છે, જે વાચકને અન્ય કાવ્યસંગ્રહ તરફ દોરી જવામાં પણ કદાચ ભાગ ભજવી શકે તેમ પ્રસ્તાવકનું માનવું હોય એમ લાગે છે.







આ સંગ્રહનાં કાવ્યો વિશે વિશદ વાત કરતાં તેમના વિદ્વતાપૂર્ણ અભ્યાસ સાથે લખે છે કે આ ગીત આધુનિક કાળના ગીત સાથે અનુસંધાન રચતા અને સમયના સ્તર પર વિકસતી વિભાવનાના ગીતને સમર્થન કરે છે. સાથે કાવ્યનિરીક્ષણની બદલતી પરિપાટીના પણ વાહક છે. આપણે જાણીએ છીએ કે ગુજરાતીમાં ગીત ઘણું પ્રાચીન સ્વરૂપ છે. ગીતના સંસ્કારે આપણને હાલરડાંથી લઈને મરશિયાં સુધીનું વૈપુલ્ય અને ભાવની આર્દ્રતા આપી છે. પરંતુ આધુનિક કાળમાં ગીત પ્રવેશે છે અને એના ભ ાવ સંવિદની કોટિ બદલાય છે. એની આકૃતિ લઈને નિરૂપિત વિષયવસ્તુ કે ભાવસમૃદ્ધિમાં અનેક પ્રકારે વૈવિધ્ય અને ખૂબ અવકાશને દાગે છે. જિગરની ગીત કવિતા પણ ક્યાંક જાડી રીતેતો ક્યાંક ભાવકને જરાક રોકાઈને તેના આંતિરક સ્તરમાં પ્રવેશવાનું આહ્વાન કરતી કવિતા છે. થોડાં ઉદાહરણ જોઈએ -

દીવો એક કરું ઘરમાં હું,
એવી ક્યાં અમિરાઈ?
આજીવન ઘરમાં ઉછર્યા,
હું ને મારી તનહાઈ.

●

રસ્તો તો ઝંખે છે એવો મુસાફર જે કારણ વિનાય આવે મળવા,
ધોધ કદી કોઈનીય જુએ નહીંરાહ, તરત મન મુકી લાગે છે પડવા.

●

ઝીણું તો ઝીણું અજવાળું રહે સદાય પાસ,
કોઈ ઝરૂખો, કોઈ અટારી શાને રહે ઉદાસ?

આ સંગ્રહમાં સમાવાયેલી ગઝલો પણ ગુજરાતી ગઝલની તાસિર રજૂ કરે છે. જિગરની ગઝલો જુદા જુદા રંગ અને આકારનો નિર્દેશ આપે છે. જેમ કે -

દિશાઓ પોતે જુઓ તરબતર છે ખુશ્બુથી,
સમગ્ર વિશ્વ પ્રણયમય થવાનું લાગે છે.

●

તિલિસ્મિ તત્ત્વ ઓઢીને સતત ફરતું'તું જંગલમાં,
કોઈને ખ્યાલ ન આવ્યો, હરણ આ કૈંક જુદું છે.

કવિ જિગર જોષી બે પેઢીનું સાહિત્ય સાથેનું સંવર્ધન અને સાતત્ય લઈને આવ્યા છે. દાદા મહિપતરામ જોષી એમના સમયે કવિતા સાથે બાળસાહિત્યથી જોડાયેલા. જ્યારે પિતા મધુકાન્ત જોશી પણ છેલ્લાં ૪૫ વર્ષથી સાહિત્ય-મિત્ર જેવી કળાઓ સાથે સંકળાયેલ છે. મોનો ઈમેજ અને ટૂંકી અછાંદસ કવિતાઓમાં તેમની ઋચિ છે. એ રીતે પરંપરાગત વારસોલઈ પ્રગટેલા આ સર્જક છે. તેમણે આ અગાઉ 'તને મોડેથી સમજાશે' અને 'ઑન ઍન્ડલેસ ટૉપિક અને હું' જેવા બે કાવ્યસંગ્રહો આપ્યા છે. 'ટમટમ કિડ્સ' બાળ માસિકના તેઓ સંપાદક છે, જીવનકલા ફાઉન્ડેશન, રાજકોટ થકી તેઓ શિક્ષણ, સાહિત્ય, સ્વાસ્થ્ય, પર્યાવરણ જેવા અનેક પાયાના વિષયો લઈ પ્રવૃત્તિઓ હાથ ધરતા રહ્યા છે.

આપણી ભાષાના નવોન્મેષી કવિ અભિવ્યક્તિનાં અવનવાં સોપાનો સર કરતા રહે તેવી સદ્ભાવના સાથે તેમને અને તેમના આ સંગ્રહને આવકારું છું.

હથેળીમાં સાક્ષાત સરસતી (કાવ્યસંગ્રહ)
લેખક - જિગર જોષી 'પ્રેમ'
પ્રકાશખ : જીવનકલા ફાઉન્ડેશન, રાજકો
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૮
કિંમત : રૂા. ૧૪૦/-